# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.૧૦૮/૨૦૧૯-૨૦ થી જા.ક્ર.૧૨૯/૨૦૧૯-૨૦ માટે તારીખ-૨૬/૧૨/૨૦૧૯ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૧૦/૦૧/૨૦૨૦ (૧૩:૦૦ કલાક) સુધી Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજીસૈનિક માટે અનામત | પ્રાથમિક/મુખ્ય કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાત નો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | બિનઅનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૦૮ | ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન ઓફીસર, વર્ગ-૨, સામાન્ય રાજય સેવા | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૯-૦૩-૨૦ | જુન-૨૦૨૦ | ઑગ-૨૦ | BE/BTECH સિવિલ સિવાય અનેPGM-PGDM | ૨ વર્ષનો |
| ૧૦૯ | રાજય વેરા નિરીક્ષક, વર્ગ-૩ | ૨૪૩ | ૧૦૧ | ૨૪ | ૬૫ | ૧૭ | ૩૬ | ૩૩ | ૦૮ | ૨૨ | ૦૬ | ૧૨ | ૦૭ | ૨૪ | ૨૬-૦૪-૨૦<br>સપ્ટે.-૨૦ | જુન-૨૦૨૦ | -- | સ્નાતક | નથી |
| ૧૧૦ | પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી), વર્ગ-૨ | ૪૦ | ૧૬ | ૦૪ | ૧૧ | ૦૩ | ૦૬ | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૨૯-૦૩-૨૦<br>શા.ક.-જૂન-૨૦<br>મુ.ક-ઑગ-૨૦ | મે-૨૦ | નવે-૨૦ | સ્નાતક | નથી |
| ૧૧૧ | નાયબ નિયામક, પશુપાલન, વર્ગ-૧ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૬-૨૦ | ઑગ-૨૦ | સપ્ટે.-૨૦ | Ph.D./ અનુસ્નાતક | ૩અથવા ૫ વર્ષનો |
| ૧૧૨ | ખેતી અધિકારી, વર્ગ-૨ | ૯૨ | ૭૩ | ૦૯ | ૦૦ | ૦૪ | ૦૬ | ૨૪ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ | ૧૯-૦૪-૨૦ | ઑગ-૨૦ | ઑક્ટો૨૦ | સ્નાતક (ખેતી) | નથી |
| ૧૧૩ | આચાર્ય, ગુજરાત પરિચારિકા સેવા, વર્ગ-૧ | ૦૮ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | અનુસ્નાતક | ૧૫વર્ષનો |
| ૧૧૪ | વ્યાખ્યાતા, સીનીયર સ્કેલ, ગુજરાત પરિચારિકા સેવા, વર્ગ-૧ | ૧૦ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૬-૨૦ | ઑગ-૨૦ | સપ્ટે.-૨૦ | અનુસ્નાતક | ૮ વર્ષનો |
| | **ગુજરાત આરોગ્ય અને તબીબી સેવા, (તજજ્ઞ સેવા), વર્ગ-૧ જાહેરાત ક્રમ: ૧૧૫ થી ૧૨૨** | | | | | | | | | | | | | | | | | | |
| ૧૧૫ | ડેન્ટલ સર્જન | ૦૭ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | સંબંધિત અનુ-સ્નાતક | અનુભવ નથી. |
| ૧૧૬ | જનરલ સર્જન | ૧૯૩ | ૭૯ | ૨૩ | ૫૫ | ૦૪ | ૩૨ | ૨૬ | ૦૭ | ૧૮ | ૦૧ | ૧૦ | ૦૭ | ૦૨ | ૧૯-૦૪-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | | |
| ૧૧૭ | ફિજીશીયન | ૬૧ | ૨૪ | ૦૭ | ૧૮ | ૦૩ | ૦૯ | ૦૮ | ૦૨ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૦ | ૧૭-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | | |
| ૧૧૮ | નેત્ર સર્જન | ૨૬ | ૦૯ | ૦૬ | ૦૮ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૧૭-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | સંબંધિત અનુ-સ્નાતક/ડિપ્લોમા | ડિપ્લોમા હોય તો ૨ વર્ષનો અનુભવ |
| ૧૧૯ | ડર્મેટોલોજીસ્ટ | ૧૦ | ૦૩ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | | |
| ૧૨૦ | ઓર્થોપેડીક સર્જન | ૫૦ | ૧૯ | ૦૬ | ૧૩ | ૦૪ | ૦૮ | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૧૭-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | | |
| ૧૨૧ | ગાયનેકોલોજીસ્ટ | ૨૭૪ | ૧૦૯ | ૩૧ | ૭૬ | ૧૮ | ૪૦ | ૩૬ | ૧૦ | ૨૫ | ૦૬ | ૧૩ | ૦૯ | ૦૨ | ૧૭-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | | |
| ૧૨૨ | એનેસ્થેટીસ્ટ | ૧૩૨ | ૫૧ | ૧૬ | ૩૭ | ૧૦ | ૧૮ | ૧૭ | ૦૫ | ૧૨ | ૦૩ | ૦૬ | ૦૪ | ૦૧ | ૧૭-૦૫-૨૦ | જુલાઈ-૨૦ | સપ્ટે.-૨૦ | | |
| ૧૨૩ | સેકશન અધિકારી (કાયદાકીય બાજુ), વર્ગ-૨ | ૦૫ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨-૦૪-૨૦<br>૨૬,૨૭ સપ્ટે.-૪ ઓક્ટો-૨૦ | જૂન-૨૦<br>નવે-૨૦ | ડિસે-૨૦ | કાયદાનાં સ્નાતક | નથી |
| ૧૨૪ | ભાષાંતરકાર, વર્ગ-૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨-૩-મે-૨૦ (મુ.લે. પરીક્ષા) | ઑગ-૨૦ | -- | BA with Eng.&Guj. | નથી |
| ૧૨૫ | ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા) વર્ગ-૨ | ૧૪૧ | ૫૪ | ૧૪ | ૫૩ | ૦૪ | ૧૬ | ૧૮ | ૦૫ | ૧૭ | ૦૧ | ૦૫ | ૦૪ | ૦૧ | ૨૧-૦૬-૨૦ | સપ્ટે.-૨૦ | ડિસે-૨૦ | સ્નાતક+B.Ed. | ૫ વર્ષ |
| ૧૨૬ | કેમિસ્ટ, વર્ગ-૧, ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૬-૨૦ | ઑગ-૨૦ | નવે-૨૦ | અનુસ્નાતક | ૫ વર્ષ |
| ૧૨૭ | મદદનીશ પ્રાધ્યાપક, પ્રોસ્થોડોન્ટિકસ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ, સા.રા.સેવા, વર્ગ-૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૦૬-૨૦ | ઑગ-૨૦ | ડિસે-૨૦ | BDS with MDS/DNB | નથી |
| ૧૨૮ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૫૭ | ૨૪ | ૦૫ | ૧૩ | ૦૮ | ૦૭ | ૦૮ | ૦૧ | ૦૪ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૧ | ૧૨-૦૪-૨૦ (મુ. લે. પરીક્ષા) | ઑગ-૨૦ | ઑક્ટો૨૦ | BE-B.Tech. Mech. or Auto. | નથી |
| ૧૨૯ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૯૩ | ૩૮ | ૦૯ | ૨૪ | ૦૮ | ૧૪ | ૧૨ | ૦૩ | ૦૮ | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૯ | ૦૩-૦૫-૨૦ (મુ. લે. પરીક્ષા) | સપ્ટે.-૨૦ | -- | Diploma/BE-B.Tech. Mech. or Auto. | નથી |

**નોંધ:- ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી "Editable" છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત / માહિતી ભરવામાં કોઇ ભુલ થાય તો "Edit"** વિકલ્પમાં જઇ વિગત સુધારી લેવી. નવી અરજી ન કરવી.

- આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોની જગ્યાઓની સંખ્યામાં ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.
- ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ પ્રાથમિક કસોટી OMR / CBRT (Computer Based Recruitment Test) માધ્યમથી લેવામાં આવશે.
- શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાત પ્રમાણે રહેશે.
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક: ૧૦૮, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૨૫, ૧૨૬ અને ૧૨૭/૨૦૧૯-૨૦** માં પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેના ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે,પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. **(સદરહુ બન્ને જાહેરાતોમાં પ્રાથમિક કસોટીમાં ૧૫% થી ઓછા ગુણ મેળવશે તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.)**
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક: ૧૧૬/૨૦૧૯-૨૦ થી જા.ક્ર.-૧૨૨/૨૦૧૯-૨૦** માં પ્રાથમિક કસોટીમાં ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૨૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશેતેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૨૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકાવેઇટેજ આપવામાં આવશે. **સદરહુ જાહેરાતોમાં પ્રાથમિક કસોટીમાં ૨૫% (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવારો માટે ૨૦%) થી ઓછા ગુણ મેળવશે તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.**
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક ૧૦૯/૨૦૧૯-૨૦** ના સબંધમાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી નિયમો અને ભરતી પરીક્ષા નિયમો તથા જાહેરાતમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતાં ઉમેદવારો પૈકી કુલ જગ્યાઓના આશરે ૦૬(છ) ગણા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણોના આધારે કરવામાં આવશે.
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક-૧૧૦/૨૦૧૯-૨૦**ના સંદર્ભમાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી નિયમોની જોગવાઈઓ સંતોષતાં ઉમેદવારોમાંથી કુલ જગ્યાઓના આશરે ૨૦(વીસ) ગણા ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટીમાં પ્રવેશ આપવામાં આવશે. શારીરિક ક્ષમતા કસોટીમાં ઉત્તીર્ણ થયેલ અને જાહેરાતની જોગવાઈ મુજબ શારીરિક માપદંડ ધરાવતા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. જાહેરાતની કુલ જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને આ જગ્યાના ભરતી અને પરીક્ષાના નિયમોની જોગવાઈ અનુસાર રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક-૧૨૩/૨૦૧૯-૨૦**ના સંદર્ભમાં પ્રાથિમક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી અને પરીક્ષા નિયમોની જોગવાઈઓ સંતોષતાં ઉમેદવારોમાંથી કુલ જગ્યાઓના આશરે ૧૫(પંદર) ગણા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે અને તેનાં પરીણામનાં આધારે, જાહેરાતની કુલ જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક-૧૨૪/૨૦૧૯-૨૦**ના મુખ્ય લેખિત પરીક્ષાનાં પરીણામના આધારે આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી અને પરીક્ષા નિયમોની જોગવાઈઓ સંતોષતાં ઉમેદવારોમાંથી મેરીટનાં આધારે આખરી પરીણામ આપવામાં આવશે.
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક-૧૨૮/૨૦૧૯-૨૦**ના મુખ્ય લેખિત પરીક્ષાનાં પરીણામના આધારે આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી અને પરીક્ષા નિયમોની જોગવાઈઓ (શારીરિક માપ દંડ સાથે) સંતોષતાં ઉમેદવારોમાંથી કુલ જગ્યાઓના આશરે ૦૩ (ત્રણ) ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.
- **ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક-૧૨૯/૨૦૧૯-૨૦**ના મુખ્ય લેખિત પરીક્ષાનાં પરીણામના આધારે આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી અને પરીક્ષા નિયમોની જોગવાઈઓ (શારીરિક માપ દંડ સાથે) સંતોષતાં ઉમેદવારોમાંથી મેરીટનાં આધારે આખરી પરીણામ આપવામાં આવશે.
- બધીજ જાહેરાતો માટે પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.
- (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાનીરહેશે. (૨)કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની જરૂરીયાત જણાય તો **https://gpsc-ojas.gujarat.gov.in** ના **"Online Application"** મેનુમાં **"Edit"** વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં ઓનલાઇન પ્રસિદ્ધિના છેલ્લા દિવસ-સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે. **જાહેરાતના ઓનલાઇન પ્રસિદ્ધિનો સમયપૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.** (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.
- ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH) માન્ય ગણાશે નહીં.
- ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે **Online અરજી કરવા માટે તારીખ-૧૦/૦૧/૨૦૨૦ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે** માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા **Online** અરજીપત્રક્માં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી **Confirm** કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં **Online** અરજીપત્રક ભરી **Confirm** કરવું ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

તારીખ-૨૪/૧૨/૨૦૧૯

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)